## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતિ વર્ષ)*
*તૂટે ત્રણસો ચૌંસઠ' દિ, દુર્ભાગ્ય છોડતું નથી!*
*નાખે પ્રેમથી નજર, કોઈ નાતો જોડતું નથી!*
*ફોડતું નથી મટકી કોઈ, ગરીબ ગોપી ઝંખે*
*હણ હણે સદા ઘોડું, દશેરાના દોડતું નથી...*
*(કમનશીબનો પડિયો કાણો...)*

### હાઈકુ

*રહે છે માત્ર*
*બે ડગલાં આગળ*
*માંદું નસીબ...*

*છોડી દે હાથ*
*ખરે ટાણે જ સાથ*
*ખોટો સંગાથ...*

### ચિંતન

**તત્તુ વિષયત્યાગાત્ સંગત્યાગાચ્ચ ।**

**ઉપરોક્ત સૂત્ર જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**ભક્તિ વિષયત્યાગથી અને સંગત્યાગથી પ્રાપ્ત થાય છે.**

**પ્રત્યેક કાર્યમાં 'હું' અને 'મારું' એ મોટામાં મોટી આસક્તિ છે. વિષયભોગો મનને આડું અવળું ખેંચી જાય છે. આ વિષયભોગો સંકલ્પશક્તિને નિર્બળ બનાવે છે અને મનને ધારણા અને ઈશ્વર ચિંતનને યોગ્ય રહેવા દેતા નથી. તે પ્રબળ આકાંક્ષાઓ પેદા કરે છે. જ્યારે સર્વપ્રકારની વાસનાઓમાંથી મન મુક્ત થાય ત્યારે જ ભક્તિ માટે યોગ્ય બને છે.**

**પાંચ વિષયો શબ્દ, સ્પર્શ, રૂપ અને ગંધ. વિષયત્યાગ કરવા માટે તમારે તે વસ્તુના દોષો જોવા જોઈએ. વસ્તુના દોષો જો તમે તમારા મન સમક્ષ હરહંમેશા રાખશો તો મન તે વિષય તરફ જશે નહિ. વિષયોનું ચિંતન કરવાથી મનુષ્યને આસક્તિ ઉપજે છે. એ આસક્તિમાંથી કામના પેદા થાય છે. કામનામાં વિઘ્ન પડવાથી ક્રોધ પેદા થાય છે. ક્રોધથી અવિવેક જન્મે છે. અને બુદ્ધિનો નાશ થાય છે. જેથી મનુષ્ય વિનાશ નોતરે છે.**

### સુવિચાર

- જિંદગી મેં લગા રહે હૈં પર્દે, હમ કમરોં કી તરહ.... ન ગમ કે અંધેરે બાહર જાતે હૈં, ના ઉમ્મીદ કી રોશની અંદર આતી હૈ - **નદીમ શાહ**
- ફક્ત ઈશ્વરની મૂર્તિને જ જાણ છે કે, પૂજા કરનારા કેટલા ઈમાનદાર છે - **જીવન પાથેય**
- ભક્તિ સાધના નથી, ફૂલ નથી, પળ પણ નથી, રસ છે - **મોરારિ બાપુ**
- પ્રભુ મળ્યા પછી ચર્ચા નહીં, વર્ષા થાય છે, આ વર્ષા છે પ્રેમધારા, રસધારા, અમૃતધારા, અશ્રુધારાની - **એસ. ભટ્ટાચાર્ય**
- રાગદ્વેષથી મુક્ત હૃદય, કેશવ આરાધનાનું પહેલું પગથિયું - **ધર્મલોક**
- વગર વિચાર્યે કામ કરવું અને કામ કર્યા વગર વિચારવું એ આપણને ૧૦૦% નિષ્ફળતા આપે છે - **એલ્વીસ બ્રિયર્લી**
- આજનું ઔષધ : પીપળાના વૃક્ષની છાલને વાટી વાઢિયા પર લગાડવાથી વાઢિયા જલ્દી રૂઝાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એકવાર હકીમ અજમલ ખાન ડૉ. અંસારી તથા તેમના કેટલાક મુસ્લિમ મિત્રો સ્વામી શ્રદ્ધાનંદજીને મળવા હરદ્વારના ગુરુકુળમાં પહોંચ્યા. સૌ મહેમાનોનું ઉષ્માસભર સ્વાગત અને ભોજન કર્યા બાદ સ્વામીજી સાથે વાતચીત શરૂ થઈ. હકીમ સાહેબને અને તેમની સાથે આવેલા સૌને ગુરુકુળનાં વિવિધ વિભાગોમાં સ્વામીજી ખુદ લઈ ગયા. એક યજ્ઞકાર્યમાં સ્વામજીએ ત્રીસ મિનિટ બેસી મંત્રોચ્ચાર પણ કર્યો. સૌને મુસ્લિમ મહાનુભાવોને સ્વામીના સરળ સ્વભાવ, માનવતા સભર, હકારાત્મક અભિગમ અને અધ્યાત્મિક વિષય ઉપર ઊંડાણપૂર્વક અભ્યાસ વગેરેથી આશ્ચર્ય અને આનંદની લાગણી થઈ.

નિખાલસ ચર્ચા જોઈ યજમાનના શિષ્યોને પણ આશ્ચર્ય થયું. પણ સ્વામી તો બધુ જ સાવ સામાન્ય હોય તે રીતે તેઓ વર્તતા હતા. થોડીવારમાં નમાજનો સમય થતા. મહેમાન ડૉ. અંસારીએ કહ્યું, 'સ્વામીજી, આપના ગુરુકુળમાં એવું કોઈ સ્થાન છે કે જ્યાં અમે સૌ અત્યારે નમાજ અદા કરી શકીએ?'

સ્વામીજીએ સરળતાથી કહ્યું, 'અમારો યજ્ઞ પૂરો થઈ ગયો છે, યજ્ઞ શાળા વંદના માટે છે, વંદના ચાહે પૂજા રૂપે હોય કે નમાજ રુપે, કોઈ ફરક નથી પડતો. તમે સૌ અહીંયા જ કોઈ મુંઝવણ વગર નમાજ અદા કરી શકો છો.' અતિથિઓએ ત્યાં આરામની નમાજ પઢી. સ્વામીજીનો આભાર માન્યો.

ત્યારબાદ આ સ્વામીજીની ઉદારતા જોઈને ડૉ. અંસારીએ સ્વામીને દિલ્હીની જામા મસ્જિદમાં બોલાવી તેમનું પ્રવચન કરાવ્યું. આ બંને ઘટનાઓ દર્શાવે છે કે દરેક ધર્મ મનુષ્યને ઉત્તમ બનાવવા માટેની ફિલસૂફી ધરાવે છે. તેમાં સાંપ્રદાયિક સંકીર્ણતા માટે સ્થાન ન બનવા દેવું જોઈએ.

# વડાપ્રધાનની વેક્સીન યાત્રા

## શુભ મંગલ હો, શુભ મંગલ હો !

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમનો આખેઆખો એક દિવસ રોજિંદી કડાકૂટ છોડી કોરોનાની સામે સુરક્ષાકવચ બનવા મથતા વિવિધ રસીઓના અભ્યાસ અને નિરીક્ષણ પાછળ આપ્યો. કોઈ પણ શ્રેષ્ઠ રાષ્ટ્રનાયકને એના દેશની પ્રજાનું હિત હૈયાવગું હોય જ; એમાં પણ જ્યારે કોરોના જેવી વૈશ્વિક મહામારી તંત્રના લાખ પ્રયત્નો પછી પણ પાછી હટવાનું નામ ન લેતી હોય અને દેશનાં મહત્વનાં મહાનગરોમાં રોજેરોજ વધુ ને વધુ સંખ્યામાં કેસ ઊઘડતા જતા હોય, મોતનો આંકડો આસમાન આંબી રહ્યો હોય અને કોવિડ હોસ્પિટલોની બેદરકારીને કારણે રાજકોટમાં મધરાતે ફાટી નીકળી એવી આગના બનાવો બનતા જતા હોય ત્યારે સ્વાભાવિક રીતે જ પ્રજાને ખોટુ તો ખોટું પણ આશ્વાસન જરૂર જીવવાની હિંમત પૂરી પાડી શકે. સિત્તેરના દાયકામાં રાજેશ ખન્ના-મુમતાઝને રંગીન પડદે રજૂ કરતી એક ફિલ્મ આવેલી : 'સચ્ચા ઝૂઠા' એનું પેલું '- કોઈ હમેં પ્યાર કર દે, ઝૂઠા હી સહી' ગીત બહુ લોકપ્રિય બનેલુ. મોદી અલબત્ત, પ્રજા આગળ જૂઠું બોલવા નહોતા માગતા. એટલે જ્યારે થોડા દિવસો પૂર્વે એમને વેક્સીન ક્યારે મળતી થશે - એવો સવાલ કરાયો ત્યારે એમણે બહુ નિખાલસતાપૂર્વક કહ્યું હતું કે વેક્સીન તૈયાર થઈ રહી છે અને શક્ય એટલી વહેલી એ દરેકે દરેક નાગરિકને ઉપલબ્ધ કરાવવાનો અમારો પ્રયાસ રહેશે; પરંતુ એ ક્યારે ઉપલબ્ધ થશે એ હું નહીં કહી શકું. એ તો વૈજ્ઞાનિકો જ નક્કી કરી શકશે કે ક્યારે એકસો ટકા સલામત રસી ભારતીય પ્રજાજનોને આપી શકાશે. મોદીએ અમદાવાદ નજીક ઝાયડસ લેબોરેટરી (ચાંગોદર) પ્લાન્ટથી શરૂ કરી હૈદરાબાદ અને પુણેમાં ચાલી રહેલ વિવિધ કે 'ત્રિવિધ' રસીઓ વિશે જાણકારી મેળવી અને એથી દેશને એટલું આશ્વાસન તો જરૂર સાંપડ્યું કે વડાપ્રધાનને એમના પદ જેટલી જ પ્રજાના આરોગ્યની પણ ચિંતા છે.

પીપીઈ કીટ પહેરીને રસી ઉત્પાદન સ્થળોની મુલાકાત લઈ વડાપ્રધાને સ્વાભાવિક રીતે જ ઉત્પાદક ઉદ્યોગપતિઓ અને વૈજ્ઞાનિકોનું મનોબળ વધાર્યુ છે. વળી વહેલામાં વહેલી તકે રસી તૈયાર કરાવી લોકો સુધી પહોંચાડવાની એમની નેમ છે એની પ્રજાને પણ પ્રતીતિ થઈ છે. આખરે વિવિધ ઈંટરનેશનલ કંપનીઓના સહયોગથી ભારતની ફાર્મા કંપનીઓ સ્વદેશી રસી તૈયાર કરી રહી છે એનું આપણે ગૌરવ પણ લઈ શકીએ. ભારત ફાર્મા ઉદ્યોગમાં વિશ્વનું નેતૃત્વ કરે છે એથી અન્ય દેશો પણ આ વિકરાળ વાઈરસ સામે લડવા માટે ભારત સામે આશાભરી નજરે જોઈ રહ્યા છે. ભારતમાં ઉત્પાદિત રસી તે ભલે ઓક્સફર્ડ યુનિવર્સિટી કે અન્ય વિદેશી એજન્સીની મૂળભૂત ખોજ હોય પણ ભારતીય પ્રજા માટે તો સ્વદેશી અને સસ્તી જ બની રહેશે. સીરમ ઈન્ટિટ્યૂટના સીઈઓ તો બહુ જ ઉત્સાહી છે અને સરકારી રેગ્યુલેટરી પ્રોસેસ પૂરી કરી કોવિશીલ્ડનો ઈમરજંસીમાં ઉપયોગ કરવા આતુર છે. અમદાવાદના ઝાયડસ બાયટેક પાર્ક, હૈદરાબાદના ભારત બાયોટેક અને પુણેની સીરમ ઈન્સ્ટિટ્યૂટમાં રસીનું ઉત્પાદન અંતિમ તબક્કે પહોંચી ગયુ છે, જેની પ્રતીતિ સોલા સિવિલ ખાતે વોલંટિયર્સને અપાઈ રહેલ ટ્રાયલ ડોઝમાં જોઈ શકાય છે. આશા રાખીએ કે કોરોના સામેની વૈશ્વિક લડાઈમાં ભારત પોતાના ફાળે આવતો રોલ બહુ જ સફળતાપૂર્વક નિભાવે. વધતા જતા કોવિડ-૧૯ના કેસોમાં ઘટાડા સાથે જ મૃત્યુદર ઘટાડી એક ટકા પર આણવાનો વડાપ્રધાનનો સરકારી સંકલ્પ પાર પાડવા પ્રજાએ પણ હૃદયપૂર્વક અને સમજણપૂર્વક સહયોગ આપવો જરૂરી છે. આખરે તો વડાપ્રધાને કોરોનાના પ્રારંભિક તબક્કામાં જ કહ્યું હતું એમ 'જાન હૈ તો જહાન હૈ...' દિલ્હી પર ખેડૂત આંદોલન ત્રાટકી રહ્યું હોવા છતાં એ બાબત અમિત શાહને સોંપી મોદી નીકળી જ પડ્યા.

વડાપ્રધાનની વેક્સીનયાત્રા થકી મૂંઝાયેલા પ્રજાજનોનો મૂંઝારો થોડો હળવો તો થયો.

# અજબ ગજબની ટેવો



**સહેજ મલકીએ!**

અનંત પટેલ

● આપણું રોજ બરોજનું જીવન એવું છે કે જો બરાબર અવલોકન કરીએ તો વાત વાતમાં આપણને ગમ્મત મળી શકે છે. તમે એક્વાર બસ સ્ટેનડ ઉપર થેલીમાં ટિફિન લઈને ઉભા છો, કોઈ ઓટો રિક્ષાની રાહ જૂઓ છો ને એવામાં તમને તમારા મિત્ર મળી જાય છે , એ તમારા હાથમાં ટિફિન જોઈને કશીક ગભરાહટ સાથે પૂછે છે, 'કેમ કોઈને દવાખાને દાખલ કર્યું છે કે શું ? આ તો ટિફિન આપવા જતા જજલાગ્યા એટલે પૂછું છું.'

'હા મારા બાને રાત્રે લકવાની અસર થઈ હતી એટલે હોસ્પિટલમાં એડમિટ કર્યા છે તે તમારા ભાભીને ટિફિન આપવા જાઉં છું...' તમે જવાબ આપો છો.

'એમ ? તે ક્યા દવાખાને દાખલ કર્યાં છે?' મિત્ર તમને પૂછે છે. તમે એમને હોસ્પિટલનું નામ કહો છો તો એ એકદમ ચોકી પડીને કહે છે, 'જૂઓ તમે માર્યોને લોચો ? અરે યાર અમને કોઈને પૂછો તો ખરા.... એ ડોક્ટરને ત્યાં જવાય જ નહિ, ડબલ ચાર્જ લે છે અને સારવારમાં તો તમારું નસીબ.....એને ત્યાં તો બધા કેસ બગડે જ છે...' બોલો આ મિત્રનું શું કરવું ? બાની તબિયત જલ્દીથી સારી થઈ જાય એવી શુભેચ્છા આપવાને બદલે ડોક્ટર વિશેનું એમનું જ્ઞાન(અ) છતું કરવાની શું જરૂર હતી ??

● તમે સવારે નવાં કપડાં પહેરીને ક્યાંક બહાર જવા નીકળો છો તો એકાદ પડોશી તમને આ રીતે નીકળતા જઈને વિચારમાં પડી જવાના, × આજે બની ઠનીને કઈ બાજુ જતા હશે ?? × ગમે તેમ કરીને એ કદાચ તમારી પાછળ આવીને પૂછે ય ખરા, 'અરે ચંદુભાઈ, બહાર જતા લાગો છો નહિ ?' પછી અટકીને પૂછે,

'અમદાવાદ જતા હોવ તો કઈ બાજુ જવાના છો ?' 'ના અમદાવાદ નથી જતો, આ તો ઓફિસનું કામ છે તે બરોડા જાઉં છું...'

તમે ભોળપણમાં બોલી જાવ છો. એ હોંશિયાર છે એ તમારી સાથે આવીને બીજા સવાલ પૂછશે જ, 'તે ઓફિસવાળા ગાડી નથી મોકલતા ? મારા ભઈ, બસમાં તો તમે ક્યારે પો'ચશો ??'

સારું થાય છે તે તમને રીક્ષા તરત મળી જાય છે, નકર તમારી પાસે વડોદરાથી ચેવડો કે ભાખરવડી જરૂર મંગાવત.

'તમને મોબાઈલ પર એક ફોન આવે છે. તમે નામ જૂઓ છો કે તમારા ઓફિસના જૂના મિત્ર ચીમનભઈનો ફોન છે, તમે વાત શરૂ કરો છો, 'બોલો ચીમનભાઈ શું હતુ?''અરે યાર પેલા આપણા જૂના મિત્ર ત્રિવેદી સાહેબનું સરનામું જોઈએ છે, મને એમણે દીકરીની સગાઈનું કાર્ડ મોકલ્યું'તું પણ હાળુ છોકરાંએ ક્યાંક આડા અવળુ મૂકી દીધું છે તે જડતું નથી, તમને એમનું સરનામું ખબર હોય તો મને લખાવી દો અથવા વોટ્સ અપ કરી આપોને...'

હવે ખરેખર તો આ ફોન તમને કરવાની ક્યાં જરૂર હતી ? એ પોતે ત્રિવેદી સાહેબને જ ફોન ન કરી શકત ?? પણ ના, આવા લોકો આ રીતે ફોન કરીને એવું જાણવા માગે કે ત્રિવેદીએ તમને આમંત્રણ આપ્યું છે કે નહિ ? કદાચ ત્રિવેદીસાહેબ સાથે તમારે સારો સંબંધ હોય એ એમને ન ગમતું હોય...!

● કેટલાક પડોશીઓને જો એવી ખબર પડે કે તમે શાક માર્કેટમાં ગયા છો કે જવાના છો તો એ તમારી પાસે બીજુ કોઈ શાક નહિ પણ છેવટે બે અઢી કિલો બટાકા તો ઉંચકાવી મંગાવે જ ...

● તમે બસ સ્ટશન બાજુ આંટો મારવા જવાના છો એની એમને ખબર પડે તો એ તમને છેવટે શામળાજી જવા સવારે ડાયરેક્ટ બસ કેટલા વાગે છે એ જાણવાનું તો કહેશે જ..

● કોઈના બેસણામાં જઈને તમે પાછા આવો ત્યારે ય એ પાછા ગંભીર થઈને મરનાર તમારે શું થતા હતા ? જુવાન હતા ? ઉંમરલાયક હતા ?? આવી તેવી એમને બિલકુલ કામની ન હોય એવી ય માહિતિ તમને પૂછે જ......

● તમને મંદિરમાં ઘણા દિવસે મળનારા મિત્ર પાછા એવું પૂછે, 'શું યાર હમણાંના કેમ દેખતા નથી ?? કાંઈ બહુ વ્યસ્ત થઈ ગયા છો કે શું?? 'ના રે હું તો મારા ટાઈમે રોજ આવું જ છું પણ તમે જ દેખાતા નથી બોલો... તમારે કહેવું પડે છે.

● એટલે કહેવાનો મતલબ એવો છે કે લોકોને પોતાની હોંશિયારી દેખાડવાની, પોતે બહુ અનુભવી છે, એમના જેટલી ખબર બીજા કોઈને હોય જ નહિ એવું બીજાઓને બતાવ્યા કરવાની ખૂબ જ ખરાબ કહી શકાય એવી ટેવ હોય છે. આમાં જે અનુભવ કે અવલોકનો વર્ણવ્યાં છે એ ભાઈઓ અને બહેનો બંનેને સરખી રીતે જ લાગું પડે છે એ નોંધવું.

મો.૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com

# સંજોગો વિપરીત હોય છતાં હાર્યા વિના પ્રયત્નશીલ રહેવું એ જ જીવનનો ક્રમ છે



**WhatsApp ઓફ ધી વીક**

નેહલ ગઢવી

પથ્થર સાથે પથ્થર ટકરાવાની ઘટના
જીવન જાણે હરપળ અફળાવાની ઘટના
સપનું, છેલ્લે સપનું થઈને ઉભું રે'શે
સપનાં તો જાણે કે, ફણગાવાની ઘટના

- ડૉ.મહેશ રાવલ

સપના જોવા એ એક વાત છે જે બધા જ કરે છે પણ જે આ સપનાને સાચા કરવા માટે સતત પ્રયત્નશીલ રહે છે તે જીવનમાં આજે નહિ તો કાલે પણ કંઈક જરૂર મેળવી શકે છે જ. પરિસ્થિતિ તેમજ સંજોગો વિપરીત હોય છતાં હાર્યા વિના પ્રયત્નશીલ રહેવું એ જ જીવનનો ક્રમ છે. જાપાની છોકરો તોજાબુરો સાતો પોતાની ૧૫ વર્ષની ઉંમરમાં પણ કેવો વિચારશીલ છે :

આજ સવારનો હું ઘાસનાં દોરડાં વણ્યા કરું છું. હું ઝટ ઝટ વણતો હતો - જેથી એ કામ પૂરું કર્યા પછી મને કાંઈક વાંચવાનો વખત રહે. ઘાસનાં તણખલાંને વળ દેતાં દેતાં નિસાસો નાખીને હું ગણગણ્યો : ''હાશ. હો .. વંચાશે.'' પણ જ્યાં ચોપડી ઉઘાડું છું ત્યાં પાછળથી એક અવાજ આવ્યો : ''એકતા દોરડાં શું પૂરાં થઈ રહેવાનાં છે ?'

બસ. તે પછી મારાથી કેમ વંચાય ? ચોપડી બંધ કરીને દોરડાં માટે વધ ઘાય લાવવા હું ઊઠ્યો. ખેતરની દિશામાં ધીમાં પગલાં ભર્યાં. ત્યાં પણ ખાંડેલું ઘાસ તૈયાર નહોતું, એટલે થોડું ઘાસ ખાંડીને દોરડાં વણવા જેવું બનાવવા સિવાય બીજો કોઈ રસ્તો નહોતો. જેટલું જોર હતું તેટલું કાઢીને હું લાકડાનો ઘણ પછાડતો હતો, ને ઝટ ઝટ ખાંડતો હતો, એટલે બહુ વાર તો ન લાગી. પણ તેમાંથી પછી દોરડાં વણવા માંડ્યાં ત્યાં બપોરનું ભૂંગળું વાગ્યું. મને થયું કે, હવે તો વાંચવાનો વખત મળવાનો જ નહિ; એટલે પછી પૂરેપૂરું ચિત્ત કામમાં ચોડીને હું ધમધમાવવા માંડ્યો. મને રોંઢો કરવા બોલાવ્યો ત્યાં સુધીમાં ત્રીજા ભાગનું ઘાસ જ બાકી રહ્યું હતું.

મેં નક્કી કર્યું કે બપોર પછી ખેતરે જવું નહિ, પણ એટલો વખત ચોપડી વાંચવામાં ગાળવો. મન સાથે એટલી ગાંઠ વાળીને હું અંદરની ઓસરીમાં ગયો, આડો પડ્યો અને ઊંઘવાનો ઢોંગ કરવા માંડ્યો.

પાંચેક મિનિટમાં બાપાનો સાદ સંભળાયો : ''એલા ક્યાં ગયો ?




ચાલ ઝટ !''

તમાકુનાં પાન સૂકવવાની સાદડી એમણે ખભે નાખી તેનો ખખડાટ મેં સાંભળ્યો. મને શોધી કાઢવાનું એ બાને કહેતા પણ સંભળાયા. હવે વાંચવાનું જરાય બનશે નહિ, તે મને સમજાઈ ગયું. ચોપડી પડતી મૂકવી મને બહુ વસમી લાગતી હતી; પણ બીજો રસ્તો નહોતો.

બાપા બહુ મહેનત કરે છે. ખેતીમાં એ ભારે પાવરધા ગણાય છે. મારા વર્ગમાં તેતાલીસ છોકરા છે તેમાંથી અમારું કુટુંબ સારી સ્થિતિનું ગણાય છે. બાપાની આવડતને લીધે જ અમે ઊંચાં આવ્યાં છીએ. મોટીબાના ઘરમાં બા એકની એક દીકરી - દીકરો એકેય નહિ; એટલે લગ્ન પછી એમણે બાપાને જ દત્તક લઈ લીધેલા પછી તો બાપાના નામને મોટા બાપુજીની અટક લાગી. તે વખતે અમારા ખેતર માઠી દશા હતી. એ ખેતરમાંથી અમારા ઘરનો રોટલો પેદા કરવા બાપાએ '' દી જોયા વિના શરીર ઘસી નાખેલું.

હવે અમારું સારું ચાલે છે, કારણ કે બાપા દિવસ-રાત મજૂરી કરે છે જે લોકો ૩૦-૪૦ વરસનાં છે તે નાનાં હતાં ત્યારના કરતાં અત્યારે ગામ હાલત પણ સુધરી છે. પણ હજી ઘણો સુધારો થવો જોઈએ - ને આ મહેનત કરીને ભણવું જોઈએ. પણ આટલું બધું કામ કરતાં કરતો હું કેવી રીતે ભણી શકું ? એક ચોપડીયે પૂરી વંચાતી નથી. જો બધું આમ ને આમ ચાલશે તો જે લોકો પાસે ભણવાના પૈસા છે, ફરસદ છે, એમના હાથમાં જ સરકાર રહેવાની. અમે કેમ જિંદગી ગુજારીએ છીએ તેની એ લોકને કાંઈ ખરખબર નથી. અમારે જ સરકારમાં ભાગ લેવો જોઈએ - નહિતર આ સમાજને અમે કઈ રીતે સુધારી શકવાનાં હતાં ? જેમના હાથમાં સત્તા છે તે અમારા પહાડી લોકોના જીવન વિશે કાંઈ નહિ જાણતા હોય તો એ એકલા પૈસાદારોનો જ વિચાર કરશે; બહુ બહુ તો શહેરનાં કારખાનાનો. મજુરોનો જ વિચાર કરશે. તો પછી અમારી દશા ક્યાંથી સુધરવાની હતી ?

બાલસાહિત્યની ચોપડીઓ ને તેનાં માસિકો હું જોઉં છું ત્યારે અમને ડુંગરાનાં બાળકોને રસ પડે એવા લેખ હું એમાં ગોત્યા કરું છું. કેમ જાણે જાપાનમાં ખેડૂતો જ ન હોય ! ભણતર, રમતગમત ને બીજું બધું જાણે કે ફક્ત શહેરનાં છોકરાં માટે જ ગોઠવેલાં હોય તેવું લાગે છે. અહીં ડુંગરામાં આવીને અમને કોણ ભણાવશે ? આગળ વધવાનો રસ્તો અમને કોણ બતાવશે ? દિવસ ઊગે ત્યાંથી આથમે ત્યાં સુધી અમારે કામ, કામ ને કામ કર્યા કરવું પડે છે. અમારી ને અમારી આસપાસનાં લોકોની હાલત સુધારવી હોય તો કામ ઉપરાંત બીજું કાંઈક પણ અમને મળવું જોઈએ, તે કોઈ સમજતું નથી. અમે આળસુ નથી, કામની અમને ફડક નથી, પણ અમારું કામ ઊગી નીકળે તેવું થવું જોઈએ. અમે મોટાં થઈએ ને પછી અમારાં છોકરાં મોટાં થાય ત્યારે એમની દશા અમારા કરતાં વધુ સારી હોય, અમારા કરતાં વધુ કેળવણી એમને મળેલી હોય, એવું અમે માગીએ છીએ.

આ બધા વિચાર હું કરતો હતો ત્યાં મને સાંભર્યું કે બાપા ખેતરમાં મારી વાટ જોતા ઊભા હશે. મને તો ધોળે દિવસે સ્વપ્રમાં આવે છે એમ કહીને બાપા ઘણી વાર મને ઠપકો આપે છે. પણ જો સ્વપ્નાં ન આવે તો તો આપણે કાંઈ નવું કરી જ કેવી રીતે શકીએ ?

**Last Seen :**

એકાદું પીંછું પણ પડકારે નભ આખું
માળો, ઉચકજીવે વિખરાવાની ઘટના
માણસ સામે માણસ મૂકો તો સમજાશે
આખેઆખો માણસ, વળખાવાની ઘટના !

- ડૉ. મહેશ રાવલ

# ભારતીય બંધારણ નાગરિકોને સમાનતાનો અધિકાર બક્ષે છે



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

''બંધારણ નાગરિકોને છ(૬) રીતે સમાન મૂળભૂત અધિકારો પુરા પાડે છે. જેમાં સમાનતાનો અધિકાર, સ્વતંત્રતાનો અધિકાર, શોષણના વિરોધનો અધિકાર, ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર, સંસ્કૃતિ અને શિક્ષણ સંબંધિત અધિકાર તેમજ બંધારણીય ઉપચારનો અધિકાર સમાવિષ્ટ છે. ''

અત્યારે ભારત બંધારણીય વીકની ઉજવણીનો પ્રારંભિક તબક્કો છે. ઐતિહાસિક દ્રષ્ટીએ મહાભારત કાળ સુધી ભારત એક શક્તિશાળી અને અખંડ રાષ્ટ્ર હતું, પરંતુ ત્યારબાદ મોટા રાજ્યોનો અંત આવ્યો અને નાના ૧૬ જેટલા ગણરાજ્યો જેવા કે કાશી, કેરાલા, મગધ, કુરૂ, અંગ, ગાંધાર, વૈશાલી અને મત્સ્ય વિગેરે રાજ્યો અસ્તિત્વમાં આવ્યા તે સમયે પણ સંવિધાન હતું અને લોકપ્રતિનિધિ મારફતે રાજ્ય ચાલતું હતું અને રાજાની વરણી કરતા જેને ગોપ તરીકે ઓળખવામાં આવ છે.

ગણ રાજ્યોમાંપણ આધુનિક શાસન વ્યવસ્થા જેવી કાર્ય રીતીના નિયમો હતા. જેમ કે સભ્યોની બેઠક વ્યવસ્થા, ઠરાવો, કાર્યસાધક, સંખ્યા, દંડક, મતગણતરી, મતપત્રોથી મતદાન, દરખાસ્તો વિગેરે અંગે નિયમો હતા. પાટલીપુત્રમાં ૩૦ સભ્યોની પરિષદ હતી જે પૈકી પાંચ-પાંચ સભ્યોની છ(૬) મ્યુનિસિપલ સમિતિ બનતી હતી. તે સમયે ત્યાં ન્યાયનાં વહિવટ માટે પંચાયતો પણ અમલમાં હતી.

કૌટિલ્યની દ્રષ્ટીએ શાસક મજબૂત અને ચારિત્ર્યવાન હોવો જોઈએ. શાસકોની પ્રાથમિકતા અને મહત્વની ફરજ લોકોનું રક્ષણ અને પાલન કરવાની હતી. શિસ્તનું ચૂસ્તપણે પાલન કરી કાયદા તથા નિતિ નિયમોનો અમલ કરી રાજ્ય ચલાવવામાં આવતું. અપરાધ માટે દંડ તથા સજાની જોગવાઈ પણ રાખવામાં આવેલ. પ્રાચિન ભારતનાં ઈતિહાસ જોતા પણ એ સમયે લોકશાહી ઢબની શાસન વ્યવસ્થા અને સંવિધાન મહદઅંશે અમલમાં હતા. ત્યારબાદ બ્રિટીશરોએ રાજકીય ભારત સ્વતંત્ર રીતે ૨૬ નવેમ્બર, ૧૯૪૯માં સ્વતંત્રતા બાદ પોતાના બંધારણનો સ્વીકાર કર્યા ત્યારથી લોકશાહી ઢબે બંધારણીય રીતે ભારત દેશનો વહીવટ અમલમાં છે.

ભારતીય બંધારણને આકાર આપવા માટે ૧૪૧ બેઠકો યોજાયેલ ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૭ દિવસની મહેનત બાદ બંધારણ સમિતિએ એક પ્રસ્તાવના ૩૯૫ કલમો અને ૮ પરિશિષ્ટ સાથે સ્વતંત્ર ભારતના બંધારણનો મૂળ મુસદ્દો તૈયાર કરેલ છે. હાલમાં ૧૨ પરિશિષ્ટ તથા ૪૦૦ થી વધુ કલમો સાથે સુદ્દઢ રીતે અમલમાં છે.

ભારતના બંધારણમાં મૂળ ઉદ્દેશ સામાજીક, આર્થિક અને રાજનૈતિક લોકશાહી માટે એક માળખું તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં શાંતિપૂર્ણ અને લોકશાહી દ્રષ્ટીકોણ વડે જુદા જુદા રાષ્ટ્રીય લક્ષ્યોની સિધ્ધી કરવાનું મુખ્ય છે.

ભારતનું બંધારણ એક વિધિવત દસ્તાવેજ માત્ર નથી, પરંતુ સમાજના તમામ વર્ગોની સ્વતંત્રતાને સુરક્ષિત રાખીને જાતિ, વંશ, લિંગ, ક્ષેત્ર, પંથ કે ભાષાના આધાર ઉપર ભેદભાવ કર્યા વિના પ્રત્યેક નાગરિકને સમાનતાનો, બંધુત્વનો હક્ક આપે છે. રાજ્યમાં વસતા નાગરિકને વસવાટનો, રોજગારીનો સમાન હક્ક આપે છે. જે એક રાષ્ટ્રવાદનું નિર્માણ કરે છે. ભાષા, લિંગ, જાતિ, ધર્મથી ભારતનું બંધારણ પર છે જે દરેકને સમાન તક આપે છે. જે નાગરિકોના હિતો ઉપર ખાસ ધ્યાન આપે છે. દુનિયાનું સર્વશ્રેષ્ઠ બંધારણ તરીકે હાલ સ્થાન પામેલ છે. ૪૪ માં બંધારણીય સુધારા દ્વારા સંપત્તિનો અધિકાર દૂર કરીને તેને બંધારણમાં ઉલ્લેખિત કાયદાકીય અધિકારો અંતર્ગત મૂકી દેવામાં આવ્યો છે. આ રીતે વર્તમાન સમયમાં આપણું બંધારણ નાગરિકોને છ(૬) રીતે સમાન મૂળભૂત અધિકારો પુરા પાડે છે. જેમાં સમાનતાનો અધિકાર, સ્વતંત્રતાનો અધિકાર, શોષણના વિરોધનો અધિકાર, ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર, સંસ્કૃતિ અને શિક્ષણ સંબંધિત અધિકાર તેમજ બંધારણીય ઉપચારનો અધિકાર સમાવિષ્ટ છે.

ભારતની વિવિધતામાં એકતા આ છ(૬) બંધારણીય અધિકારોથી સમતોલ છે. આ છ(૬) અધિકારોએ બંધારણનો ભારતીય નાગરીકોને આપવામાં આવેલા અંતરાત્માના અધિકારો છે.

મૌખિક અધિકારોની સાથે સાથે કેટલીક મૌખિક ફરજોનો પણ નિર્દેશ ભારતીય બંધારણમાં દરેક નાગરીક માટે ફરજીયાત રીતે કરેલ છે. જેનું પાલન કરવું એ દેશના નાગરિકોની મૌલિક ફરજ છે. ભારતીય નાગરિક પોતાના મૌલિક અધિકાર પ્રત્યે સજાગ છે તેવી જ રીતે પોતાની મૌલિક ફરજો માટે હંમેશા સજાગ રહેજો જોઈએ. પોતાની ફરજમાં ચૂક થાય તો બંધારણીય અધિકારો દ્વારા સરકાર તેનું પાલન કરવા કટિબધ્ધ છે. બંધારણના ૪૨માં સુધારા દ્વારા બંધારણમાં મૌલિક ફરજોને જોડવામાં આવી છે. કલમ : ૫૧(એ) અંતર્ગત આપણા બંધારણમાં કુલ ૧૧ મૌલિક ફરજોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. જેમાં ૧૦ ફરજો અને ૪૨માં સુધારાના માધ્યમથી જોડવામાં આવ્યા છે. જે ૨૦૦૨માં ૮૬માં બંધારણીય સુધારા દ્વારા સામેલ કરવામાં આવી હતી.

હાલમાં ભારતના બંધારણના અમલ બાબતે દેશની સામે ઉંચા પડકારો છે, પરંતુ ઉંચા લક્ષ્યના કારણે અને નાગરિકોમાં રહેલા કર્તવ્ય ભાવનાને કારણે લક્ષ્ય પુરૂં પાડવામાં સરકાર કચાસ દાખવતી નથી. જમ્મુ કશ્મિરની કલમ : ૩૭૦ રદ એ આ બાબતની મહત્વની જવાબદારી દેશ માટે હતી. જેને કર્તવ્યબોધની ભાવના તથા નાગરિકોના રાષ્ટ્રવાદને કારણે વર્તમાન સરકાર પ્રસ્થાપિત કરી શકી છે. ભારતના પ્રત્યેક નાગરિકોની ફરજ છે કે ભારતને આગળ લઈ જવા માટે કર્તવ્યભાવનાથી યુક્ત રીતે કાર્ય કરી આત્મનિર્ભર ભારતનું લક્ષ્ય સિધ્ધ કરી ભારતના બંધારણને એક ઉંચી દિશા લક્ષ્યાંક સાથે આગળ ધપાવે. બંધારણીય ફરજો પાલન કરવી એ આપણી પવિત્ર ફરજ છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
- info@trivediassociates.in